ગુરુમાઈ ચિદ્વિલાસાનંદની શિખામણો

# શ્રદ્ધા રાખો

## ભારતમાં સિદ્ધયોગ સંઘમ્ માટે સત્સંગ
## ગુરુવાર, ૯ જુલાઈ, ૨૦૨૦

## ભગવાન નિત્યાનંદ મંદિર

*‘મંદિરમાં રહો’ સત્સંગનો શુભારંભ શ્રીગુરુગીતાના પાઠ સાથે થયો. શ્રીગુરુગીતાનો પાઠ પૂરો થયા પછી આપવામાં આવેલી શ્રીગુરુમાઈની શિખામણો :*

શ્રીગુરુગીતા! શ્રીગુરુગીતા!
શ્રીગુરુગીતાનું પઠન આપણે બધાં લોકો એ સાથે કર્યું.

આજકાલ તો મારે પૂછવું નથી પડતું કે તમે બધાં લોકો કેમ છો, કારણકે દરેક દેશ વિશે ન્યૂઝ પેપરમાં સમાચાર આવે જ છે, મીડિયામાં વાંચવા મળે જ છે. બધાં લોકો દુ:ખી છે.

તો કેવી રીતે હું હાલચાલ પૂછું? તો પણ, હું પૂછી તો શકું છું, ‘‘તમે કેમ છો? તમે બધાં ઠીક છો ને?’’ પણ શું જવાબ મળશે? કયો જવાબ મળશે? જો તમે કહો, ‘‘હા, અમે બધાં મસ્ત છીએ,’’ તો પછી મારે વિચારવું પડશે, ‘‘તમે કયા ગ્રહ ઉપર રહો છો?’’

આજકાલ દુનિયામાં જે થઈ રહ્યું છે, જે ચાલી રહ્યું છે, આ રોગને કારણે, આ મહામારીને કારણે, તેનાથી ખબર પડવા લાગી છે કે કોણ આપણું છે — કયાં લોકો આપણાં છે, અને કયાં લોકો મતલબી છે.

મને એવું લાગતું હતું કે જ્યારે પણ મુશ્કેલ સમય હશે તો લોકો એકસાથે જોડાશે, લોકો એકસાથે કામ કરશે, લોકો *share* કરશે. પણ મને જોવા મળી રહ્યું છે કે લોકો સ્વાર્થી છે. લોકો મતલબી છે.

જો આખી દુનિયા સાથે કામ કરતી હોત તો આપણે શું ન કરી શક્યા હોત!

ભગવાને આ ભૂમિ આપણને સોંપી, પરંતુ એની સાથે આપણો જે સંબંધ છે, તે એવો છે જેને અંગ્રેજીમાં *question-worthy* કહે છે. આ સવાલ પૂછવો પડે છે કે આપણો શું સંબંધ છે? આપણો આ ભૂમિ સાથે શું સંબંધ છે?

અહીં અમેરિકામાં હું જોઉં છું કે કોઈપણ કોઈનું સાંભળતું નથી. ડૉક્ટરો મરી રહ્યાં છે, નર્સો મરી રહી છે, પણ જનતાને સમુદ્ર પર જવું છે, તેને *bar* માં જવું છે, તેને શૉપિંગ માટે જવું છે, તેને બસ મજા કરવી છે. મહામારીના સમયે જ્યારે હજારો લોકો મરી રહ્યાં છે, ત્યારે આ મજા કરવાની વાત લોકોનાં મગજમાં કેવી રીતે આવે છે? કેવી રીતે?

આપણાં માટે કેટલાં લોકો જાન આપી રહ્યાં છે. સૈનિકો જાન આપી રહ્યા છે, શહીદ બની રહ્યા છે. સૈનિકો તો જાન આપીને શહીદ બની જાય છે. આમ જ રોગને લીધે મરવાથી આપણે શું બનીએ છીએ?

આ દુનિયામાં રોગી બનીને જીવવું છે કે યોગી બનીને જીવવું છે? આ એક મહાપ્રશ્ન છે. જો યોગી બનીને જીવવું હોય તો થોડા દિવસની જે મજા છે, તેને એક તરફ મૂકી શકીએ છીએ. તમારું શું વિચારવું છે?

એટલા માટે હું કેવી રીતે પૂછી શકું, ‘‘તમારા શું હાલચાલ છે?’’

એક દિવસ કોઈએ મને કીધું કે તેણે જોયું છે કે જ્યારે લોકો જીવતાં હોય છે તો કોઈ તેમને નથી પૂછતું કે તેમના શું હાલચાલ છે? પણ જ્યારે તેઓ મરી જાય છે તો પૂછે છે, ‘‘તે કેવા હતા? તે કેવી હતી? તેની હાલત કેવી હતી?’’ પરંતુ આપણે તો ધર્મસંકટમાં છીએ. આપણે કેવી રીતે પૂછીએ, ‘‘શું હાલચાલ છે?’’

જો યોગી બનીને જીવીએ તો આપણે પૂછી શકીએ, ‘‘આજે તમે કેટલા આસન કર્યા? આજે ધ્યાન કર્યું? કોઈની સાથે સારી રીતે વાત કરી? આજની ધુન કેવી રહી? માતાપિતાની તબિયત કેવી છે?’’ પણ જો લોકોને તેમનું જીવન મજામાં વિતાવવું હોય તો આ સમયે આપણે તેમને પૂછી નહીં શકીએ કે તેઓ કેમ છે, કારણકે તેઓ શું જવાબ આપશે?

આ મહામારીને કારણે દુનિયા એક બહુ જ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે.

ભારતનાં શાસ્ત્રોમાં બલિદાન વિશે કહેવામાં આવ્યું છે. હા, આ સમયે બલિદાનની જરૂર છે. મજાની જરૂર નથી, બલિદાનની જરૂર છે. શિસ્તની જરૂર છે. એકબીજા સાથે ખુશીથી વાત કરવી, એકબીજાને મદદ કરવી અને રાષ્ટ્રોના નેતૃત્વકર્તાઓ જે કહે છે, તેને સાંભળવું જરૂરી છે.

આટલાં લોકો જાન આપી રહ્યાં છે, આટલાં લોકો! કેમ? મને નથી ખબર.

જે લોકો કોઈની વાત નથી સાંભળતા, ડૉક્ટર અને નર્સ તેમની પણ સંભાળ રાખે છે. કેટલા નિઃસ્વાર્થ છે આ ડૉક્ટર અને નર્સ! આ તેમની મહત્તા છે. તેમનું દિલ બહુ મોટું છે.

આપણે લોકોએ શ્રીગુરુગીતાનું પઠન કર્યું, સાથે કર્યું. બહુ જ સુંદર થયું. અને તમારાં લોકોનાં દિલમાં જે ખુશી છે, તેનો અનુભવ મને પણ થયો. એટલા માટે, તમારા શું હાલચાલ છે, આ સમયે મારે એ પૂછવાની કોઈ જરૂર જ નથી, કારણકે મને તો ખબર જ છે.

તમે શ્રદ્ધાથી પઠન કર્યું,
ભક્તિથી પઠન કર્યું,
ખુશીથી પઠન કર્યું,
કૃતજ્ઞતાથી પઠન કર્યું.

તો શ્રીગુરુગીતાનો પાઠ બહુ જ સુંદર થયો. આ શબ્દોનું કિરણ તમારી સાથે છે અને તમે તેને બીજાંને પણ આપી શકો છો. જ્યારે પણ તમે આ રીતે હાથ આગળ કરીને ફેલાવશો તો હાથોમાંથી થઈને તમારા દિલનું કિરણ બીજાંઓની પાસે પણ જશે. તમારા સંકલ્પને એવો બનાવો કે તમારે લીધે કોઈ હસે, ખુશીથી હસે, દિલ ખોલીને હસે.

જ્યારે આપણે શ્રીગુરુગીતાનો પાઠ કર્યો તો તેમાં વારંવાર આપણે લોકોએ પઠન કર્યું,

‘તસ્મૈ શ્રીગુરવે નમઃ
તસ્મૈ શ્રીગુરવે નમઃ
તસ્મૈ શ્રીગુરવે નમઃ ।’

હવે હું ‘ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ’ ગાઈશ અને સાથેસાથે તમે બધાં ‘તસ્મૈ શ્રીગુરવે નમઃ,’ ‘તસ્મૈ શ્રીગુરવે નમઃ,’ ‘તસ્મૈ શ્રીગુરવે નમઃ’ ગાજો.

શ્રદ્ધા રાખો. હિંમત રાખો.

ડરપોક — નહીં.

ભય — નહીં.

પ્રેમ — ઘણો.

તાકાત — ઘણી.

શર્મિંદગી — નહીં.

આત્મવિશ્વાસ — બહુ જ સરસ.

જેમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ બધાંને કહ્યું,

‘‘આત્મનિર્ભર બનો. બધાં લોકો આત્મનિર્ભર બનો.’’

જ્યારે મેં આ વાત સાંભળી તો મને બહુ ગમી. આત્મનિર્ભર, જેને અંગ્રેજીમાં કહે છે *self-reliant*, હા.

એ નહીં જુઓ કે કોઈ તમને કેટલું ખુશ કરશે. એ વિચારો, ‘‘શું હું તેમને ખુશ કરી શકું છું?’’ કારણકે લોકો તો કંઈ પણ વિચારે છે, કંઈ પણ કરે છે. મને મહામારી દરમ્યાન આવું જ જોવા મળી રહ્યું છે.

લોકો કહે છે કે સરકાર જે કહી રહી છે, મારે તે નથી કરવું. અરે બેટા, સરકાર તમારા માટે જ કહી રહી છે ને? તમારો જીવ બચાવવા માટે જ કહી રહી છે ને? આ બધા *experts* જે વાત કહે છે, તે આપણાં બધાંનાં ભલા માટે છે.

આ સમય એવો છે કે આપણે ઘમંડ નહીં દેખાડી શકીએ. શ્રીગુરુની પૂજા કરી શકીએ છીએ. હા-હા! પણ ઘમંડની જરૂર નથી. આટલા ઘમંડની શું જરૂર છે? આટલા અભિમાનની શું જરૂર છે?

આ સમયે, આપણે દરેકના વિશે વિચારવું જોઈએ, દરેકના ભલા વિશે વિચારવું જોઈએ અને ભલા કામ કરવા જોઈએ.

આત્મનિર્ભર.

અમેરિકામાં કહે છે, *''Fake News, Fake News, Fake News''* કે *''Alternate News, Alternate News, Alternate News.''* સમાચારને પણ ખોટા કહે છે, વૈકલ્પિક કહે છે. કેટલું ખોટાપણું છે, નહીં? લોકો બસ બીજાંની મજાક ઉડાવે છે. પોતાને મજા કરવી છે અને બીજાની મજાક ઉડાવે છે.

આ શું મજા કરવાનો અને મજાક કરવાનો સમય છે? ના. ના. ના.

મહામારી વિશે આપણને બધાંને અલગ અલગ *information* મળી. કોઈએ કહ્યું, ''આ કરી શકીએ,'' કોઈએ કહ્યું, ''નહીં કરી શકીએ.'' કોઈએ કહ્યું, ''આ થઈ શકે છે,'' કોઈએ કહ્યું, ''નહીં થઈ શકે.''

સિદ્ધયોગ પથ પર એક વાત તો નિશ્ચિત છે, જેમાં કોઈ શંકા નથી, તે છે શ્રદ્ધા. દરેક પરિસ્થિતિમાં તમે તમારી શ્રદ્ધાને પકડી રાખી શકો છો અને તેને વધુ સુદઢ થવા દઈ શકો છો. તમારે એ વાતની ચિંતા કરવાની જરૂર નથી કે શ્રદ્ધા સાચી છે કે ખોટી, સારી છે કે ખરાબ. શ્રદ્ધા હોવી એકદમ ઉચિત છે. શ્રદ્ધા હશે તો તમારું ભલું થઈ જશે. હા.

ભરોસો રાખો. હિંમત રાખો.

બધાં સાથે પ્રેમથી વાત કરો.

જુઓ કોને મદદની જરૂર છે.

અને પોતાનું ધ્યાન રાખો.

જેથી જ્યારે હું આગળ ક્યારેક તમને પૂછું, ''શું હાલચાલ છે?'' તો તમે મને ખુશીથી કહી શકો કે બધું જ સારું છે. મને પણ તેનાથી આનંદ થશે.

આજે તમારાં બધાંની સાથે શ્રીગુરુગીતાનો પાઠ કરીને મને બહુ જ ખુશી મળી, બહુ જ સારું લાગ્યું. ભગવાન નિત્યાનંદની સન્મુખ, આ મંદિરમાં, શ્રીગુરુગીતાના પાઠનો આરંભ કરતા પહેલાં આપણે બધાંએ સંકલ્પ કર્યો હતો.

દરેક વ્યક્તિનો એ સંકલ્પ ફળદ્રુપ થાય, એવી મારી ભગવાનને પ્રાર્થના છે.

તમને ભગવાન પાસેથી શું ભેટ જોઈએ છે?

તમને ભગવાન પાસેથી કઈ ભેટ જોઈએ છે?

ભગવાન પાસેથી તમે શું માંગો છો?

જે પણ માંગતા હો, સમજી-વિચારીને માંગજો. કારણકે આપણે તો એ માનીએ છીએ ને કે જે કંઈ આપણા જીવનમાં થાય છે, આપણે લોકોએ ક્યારેક ને ક્યારેક તેના વિશે સંકલ્પ કર્યો હશે. તો એ સાચો થઈ જાય છે. પછી આપણે નસીબને કેટલું પણ કોસીએ, આપણે ભાગ્યને કેટલું પણ કોસીએ, કેટલું પણ રડીએ, આપણને મનાવવા માટે તો કોઈ નહીં મળે.

એટલા માટે, ભગવાન પાસે જ્યારે પણ કંઈ માંગો, સમજી-વિચારીને જ માંગો.

તમારાં બધાંની સાથે શ્રીગુરુગીતાને પાઠ કરીને મને એવું લાગે છે કે આપણે બધાંએ ગંગાજીમાં સ્નાન કરી લીધું. એકદમ શુદ્ધ, એવો અનુભવ થઈ રહ્યો છે. શુદ્ધતાનો અનુભવ થઈ રહ્યો છે.

તો હવે સિદ્ધયોગ યુનિવર્સલ હૉલમાં આપણે અલવિદા કહીશું, પરંતુ આ યાદ રાખો,

હિંમત રાખો, ખુશ રહો.

હિંમત રાખો, ખુશ રહો.

હિંમત રાખો, ખુશ રહો.

ભગવાને તમને ઘણું બધું આપ્યું છે!

ભગવાને તમને ઘણું બધું આપ્યું છે!

દરરોજ ભગવાનને કહો,

‘‘તમે મને ઘણું બધું આપ્યું છે, બધું જ આપ્યું છે.

બસ તમારો પ્રેમ મારા ઉપર રહે

અને મારો પ્રેમ તમારા ચરણોમાં રહે.’’

આ દુનિયામાં બધાંની સાથે સારી રીતે વર્તન કરો.

વિચારો ભલું,
કરો ભલું,
ભલું જીવન જીવો.

સદા એવું વિચારો,
‘‘મારે જીવવું છે
ગુરુકૃપાની છત્રછાયામાં.’’

મારી શુભેચ્છા છે :
બધાંની બુદ્ધિ હંમેશાં અનુકૂળ રહે,
હંમેશાં સાચા રસ્તા પર રહે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.